કરારનો આઇડી: ______

# સૌથી મહત્વના નિયમો અને શરતો (એમઆઇટીસી)

(અરજીનો આઇડી __________) અને મહિન્દ્રા રુરલ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની વચ્ચે થયેલા લૉનના કરારના મુખ્ય નિયમો અને શરતો અહીં નીચે મુજબ છેઃ

| વર્ણન | વિગતો |
|---|---|
| **1. લૉન**<br>અમે એમઆરએચએફએલના પાત્રતાના માપદંડો અને અન્ય નિયમોને આધિન સંપત્તિની કિંમતના 90% સુધીનું ફંડ પૂરું પાડીએ છીએ. | |
| લૉનની મંજૂર થયેલી રકમ (શબ્દો અને આંકડાં બંનેમાં) | રૂ. _________/- (રૂપિયા________ પૂરાં) |
| | |
| 2. વ્યાજ | |
| i) વ્યાજનો પ્રકાર<br>• ફિક્સ્ડ - લૉન પર વ્યાજ પ્રવર્તમાન ફિક્સ વ્યાજદરે વસૂલવામાં આવે છે.<br>• ફ્લોટિંગ - આ વિકલ્પ હેઠળ વ્યાજદર એમઆરએચએફએલ રીટેઇલ પ્રાઇમ લેન્ડિંગ રેટ (આરપીએલઆર) સાથે જોડાયેલ છે. એમઆરએચએફએલ આરપીએલઆર માર્કેટમાં પ્રવર્તમાન વ્યાજદર પર આધાર રાખી બદલાઇ, વધી કે ઘટી શકે છે. | |
| ii) વ્યાજદર | _______% (પીએલઆર +/-) |
| iii) ઋણમોકૂફી / સબસિડી | |
| iv) વ્યાજ રીસેટની તારીખ | લૉનના ફ્લોટિંગ દરના કિસ્સામાં જે મહિનામાં એમઆરએચએફ પીએલઆરને વસૂલવામાં આવ્યું હોય તેના પછીના મહિનાના પ્રથમ દિવસે દરને રીસેટ કરવામાં આવશે. |
| v) વ્યાજદર બદલાવાના કિસ્સામાં સંદેશાવ્યવહારનો મૉડ | વ્યાજદર ફેરફાર થયાંની નોટીસ કંપનીની વેબસાઇટ www.mahindrahomefinance.com પર, શાખાઓના નોટીસ બૉર્ડ પર પ્રકાશિત કરવામાં આવશે તથા ગ્રાહકોને પત્ર / ઇ-મેઇલ / એસએમએસ અથવા તો યોગ્ય જણાય તેવા સંદેશાવ્યવહારના અન્ય કોઇ માધ્યમો મારફતે આ પ્રકારના ફેરફારોની જાણ કરવામાં આવશે. |
| 3. હપ્તાના પ્રકારો<br>તમારી પ્રોફાઇલ, વ્યવસાય અને પાત્રતા સંબંધિત અન્ય નિયમો, પર આધાર રાખી લૉનને મુદ્દલ અને વ્યાજ ધરાવતા ઇએમઆઇ/ઇક્યૂઆઇ/ઇએચઆઇના માધ્યમથી માસિક, ત્રિમાસિક અથવા અર્ધવાર્ષિક એકસમાન હપ્તામાં પરત ચૂકવી શકાશે. | |
| 4. લૉનની મુદત (મહિનાઓમાં)<br>એમઆરએચએફએલ ધિરાણના મૂલ્યાંકન અને કંપનીની નીતિને આધિન મહત્તમ 25 વર્ષની મુદત માટે લૉન પૂરી પાડે છે. | |
| 5. લૉનનો હેતુ<br>એમઆરએચએફએલ અહીં નીચે જણાવેલ હેતુઓ માટે હૉમ લૉન પૂરી પાડે છેઃ<br>• આવાસીય એકમનું બાંધકામ - મહિન્દ્રા હૉમ ફાઇનાન્સ તમને આપે છે, તમારી માલિકીની જમીનના પ્લોટ પર તમારા સપનાના ઘરનું જાતે નિર્માણ કરવાનો આનંદ. | |

| | |
|---|---|
| • આવસીય એકમની ખરીદી - તૈયાર અથવા બાંધકામ હેઠળના ઘર/ફ્લેટને ખરીદવા માટે અમારી સેવાઓનો લાભ લો.<br>• વર્તમાન આવાસીય એકમમાં સુધારો/સમારકામ - તમારી ઇચ્છા મુજબ તમારા ઘરનો સમારકામ કરાવો અને અમને તમારી નાણાકીય વ્યવસ્થાની કાળજી લેવા દો.<br>• વર્તમાન આવાસીય એકમોનું વિસ્તરણ - અમારી હૉમ એક્સટેન્શન લૉનની મદદથી તમારી સુવિધા માટે રૂમ બાંધો, ખુલ્લી જગ્યાને આવરી લો અથવા વધુ એક માળ ઉમેરો.<br>• નોન-હાઉસિંગ લૉન - વર્તમાન ગ્રાહકોને લગ્ન, તબીબી ખર્ચા અને શિક્ષણ માટે વધારાની હાઉસિંગ લૉન પૂરી પાડવામાં આવે છે. વર્તમાન ગ્રાહકોને લગ્ન, તબીબી ખર્ચા અને શિક્ષણ જેવા કાયદેસરના હેતુઓ માટે સંપત્તિ સામે લૉન પૂરી પાડવામાં આવે છે. | |
| **6. ફી અને અન્ય ચાર્જિસ** | |
| પ્રોસેસિંગ ફી | અહીં ઉપર મુજબ મંજૂર થયેલી રકમના ____ %, લઘુત્તમ રૂ. 1000/-ને આધિન; લૉનની અરજી નકારી કાઢવામાં આવ્યાંનાં કિસ્સામાં રીફન્ડ મળતું નથી |
| દસ્તાવેજીકરણના ચાર્જિસ | રૂ. 1500/- |
| આંશિક-ચૂકવણી/પૂર્વ-ચૂકવણીના ચાર્જિસ | વ્યક્તિઓને બિઝનેસના હેતુ માટે મંજૂર કરવામાં આવેલી ફ્લોટિંગ દરની લૉન માટે - 4%<br>'પોતાના સ્રોત' સિવાયના અન્ય કોઈ માધ્યમ મારફતે પરત ચૂકવવામાં આવેલી ફિક્સ દરની હૉમ લૉન માટે - 3%<br><br>બાકી મુદ્દલની સંપૂર્ણ કે આંશિક પૂર્વ-ચૂકવણી પર ચાર્જિસ વસૂલવામાં આવશે. |
| ઇન્સ્ટ્રૂમેન્ટ બાઉન્સ થવાના ચાર્જિસ | INR 500/- |
| દસ્તાવેજ રીટ્રાઇવલના ચાર્જિસ | INR 500/- |
| ચેક રદ કરવા અને ફરીથી ઇશ્યૂ કરવાના ચાર્જિસ | INR 500/- |
| ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઑર્ડર ઇશ્યૂ કરવાના ચાર્જિસ | INR 150/- |
| એમોર્ટાઇઝેશન શિડ્યૂલને ફરીથી ઇશ્યૂ કરવું | INR 100/- |
| ખાતાના સ્ટેટમેન્ટને ફરીથી ઇશ્યૂ કરવું | INR 250/- |
| અંતિમ પૂર્વ-ચૂકવણીના સ્ટેટમેન્ટના ચાર્જિસ | INR 250/- |
| ડુપ્લિકેટ નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ | INR 100/- |
| જો લૉન મંજૂર ના થઈ/ચૂકવવામાં ના આવી તો ફી પરત ચૂકવવામાં આવે છે | પ્રોસેસિંગ ફી માટે ઉપર જણાવ્યાં મુજબ |
| ફ્લોટિંગથી નિયત વ્યાજ પર સ્વિચ કરવા માટે રૂપાંતરણ શુલ્ક અને તેનાથી વિપરીત | બાકી મુદ્દલ (POS) ના 3% અથવા રૂ. 10,000/- જે પણ વધારે હોય. સંપૂર્ણ વિતરણ પછી 3 વર્ષ પૂર્ણ થયા પછી જ સુવિધા આપવામાં આવશે. આ સુવિધાનો લાભ કરારના સમયગાળા દરમિયાન મહત્તમ બે વાર લઈ શકાય છે. |
| મોડી ચૂકવણી માટેનો દંડ | નિયત તારીખ પછી ચઢેલ હપ્તાની રકમ પર દર મહીને ૨% |
| **7. લૉન માટે જામીનગીરી**<br>એમઆરએચએફએલ પાસે ગીરો રાખવામાં આવેલ સંપત્તિની સામે જામીનગીરી લેવામાં આવશે. એમઆરએચએફએલની મુનસફી પર આધાર રાખીને બાંયધરી આપનાર પાસે તેની માંગણી કરવામાં આવી શકે છે. એમઆરએચએફએલની મુનસફી પર આધાર રાખી જામીનગીરીના સ્વરૂપે અન્ય બાંયધરીઓ લેવામાં આવી શકે છે. | |
| સંપત્તિનું સરનામું | |
| બાંયધરી આપનારનું નામ | |
| અન્ય જામીનગીરી (જો કોઈ હોય તો) | |

**8. ઋણકર્તા / સંપત્તિનો વીમોઃ**
એમઆરએચએફએલ હંમેશા તેના ઋણકર્તાને લૉનની સંપૂર્ણ મુદત દરમિયાન યોગ્ય વીમા મારફતે અહીં નીચે જણાવેલ જોખમોનો વીમો ઉતરાવી લેવાની ભલામણ કરે છે.

- મુખ્ય વ્યક્તિનો જીવન વીમો
- જે આવાસીય સંપત્તિ માટે ધિરાણ આપવામાં આવી રહ્યું છે, તેનો આગ સંબંધિત વીમો
    - સંપત્તિની કિંમતથી ઓછી ન હોય તેવી રકમ
    - લૉનની મુદતને સમાન લઘુત્તમ સમયગાળા માટે.

ઋણકર્તાઓ પોતાની રીતે વીમાની વ્યવસ્થા કરી શકે છે અથવા તો પોતાની સુવિધા માટે રાહત દરે વીમાની વ્યવસ્થા કરવા એમઆરએચએફએલને વિનંતી કરી શકે છે.

જો ઋણકર્તાએ MRHFL મારફતે વીમો મેળવ્યો હોય તો, ઋણકર્તા એ વાતને સ્વીકારે છે અને પુષ્ટી કરે છે કે, વીમા પૉલિસી/વીમાકવચના ઇશ્યૂ થવાનો આધાર ગ્રાહક દ્વારા પાલન કરવામાં આવનારા વિવિધ અનુપાલો પર રહેલો છે, જેમ કે, દસ્તાવેજો/માહિતી પૂરાં પાડવા/વીમા કંપની દ્વારા તેની સંપૂર્ણ મુનસફી મુજબ જણાવવામાં આવેલા તબીબી પરીક્ષણો વગેરે. ઋણકર્તા એ બાબત પણ જાણે છે કે, વીમાકવચ પૉલિસી ઇશ્યૂ થયાંની લાગુ થતી તારીખથી જ ચાલું થશે. ઋણકર્તા વીમા પૉલિસી ઇશ્યૂ કરવાનું શક્ય બનાવવા માટે વીમા કંપનીને સંતોષ થાય એ રીતે સમયસર તમામ જરૂરિયાતોનું પાલન કરવાની બાંયધરી આપે છે. જો ઋણકર્તા ઉપરોક્તનું પાલન કરી શકતા નથી તો તેવા કિસ્સામાં તેઓ આમ નહીં કરી શકવાને કારણે અથવા તો જેના માટે MRHFL જવાબદાર ના હોય તેવા અન્ય કોઈ કારણોસર થતાં કોઈ પણ નુકસાન માટે MRHFL ને જવાબદાર નહીં ઠેરવવાની પણ બાંયધરી આપે છે.

**9. લૉનની ચૂકવણી માટેની શરતોઃ** મંજૂરીપત્ર અને લૉનના કરારના વિતરણ પૂર્વેની શરતો મુજબ.

**10. લૉન અને વ્યાજની પરત ચૂકવણીઃ**

- હપ્તા શરૂ થયા પૂર્વેનું વ્યાજ તમે જ્યારે તમારી લૉનની પ્રથમ ચૂકવણી પ્રાપ્ત કરો તે પછી અને તમારા એકસમાન હપ્તા શરૂ થયાં પહેલાના સમયગાળામાં ચૂકવવાપાત્ર રહેશે.
- ઇએમઆઇ પૂર્વેનું વ્યાજ, જે દરે ઇએમઆઇની ગણતરી કરવામાં આવે છે તે દરે વસૂલવામાં આવશે અને ચૂકવવામાં આવેલી લૉનની રકમ પર તે દર મહિને ચૂકવવાપાત્ર રહેશે.
- પરત ચૂકવણીની શરૂઆત જે મહિને લૉનની અંતિમ ચૂકવણી પ્રાપ્ત થાય તેના પછીના મહિનાથી થાય છે. લૉનની પરત ચૂકવણી એમઆરએચએફએલના કોઇપણ કાર્યાલયે એસીએચ અથવા રોકડમાં/ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા કરી શકાશે. એમઆરએચએફએલ તેની મુનસફી મુજબ, કેસ દર કેસના આધારે ચૂકવણી ચેક/એસીએચ મારફતે સ્વીકારવામાં આવશે કે નહીં તે નિયત કરે છે. એઆરએચએફએલ પરત ચૂકવણી માટે પાછલી તારીખના (પોસ્ટ-ડેટેડ) ચેક પણ સ્વીકારે છે.
- વ્યાજદર અને હપતાની રકમમાં કોઇપણ ફેરફાર અંગે કંપનીને યોગ્ય જણાય તે રીતે ગ્રાહકને પત્ર / ઇ-મેઇલ / એસએમએસ અથવા સંદેશાવ્યવહારના અન્ય કોઇ માધ્યમ દ્વારા અગાઉથી જાણ કરવામાં આવશે.

| | |
|---|---|
| હપ્તાઓની ફ્રીક્વન્સી | |
| હપ્તાઓની કુલ સંખ્યા | |
| હપ્તાઓની રકમ | |
| નિયત તારીખ | |

## 11. ચૂકવવાના બાકી નાણાંની વસૂલાત માટે અનુસરવાની સંક્ષિપ્ત પ્રક્રિયા

બાકી પ્રી-ઇએમઆઇ વ્યાજ / હપતાઓની ચૂકવણીમાં નિષ્ફળ રહેવાના કિસ્સામાં અહીં નીચે જણાવેલી કાર્યવાહી થઈ શકે છેઃ

- એમઆરએચએફએલના સ્ટાફ દ્વારા ટેલિ-કૉલિંગ અને ફીલ્ડ મુલાકાત હાથ ધરવામાં આવશે.
- ગ્રાહકને ચૂકવણી માટેની યાદ અપાવવા માટે એસએમએસ / પત્ર મોકલવામાં આવશે.
- કલેક્શન ટીમની સાથે ઘરે / સંદેશાવ્યવહારના અન્ય કોઈ સ્થળે વ્યક્તિગત મુલાકાત લેવામાં આવશે.
- કાયદાકીય પગલાં શરૂ કરવામાં આવશે.
- લૉનના કરારમાં ઉલ્લેખ કરવામાં આવ્યાં મુજબ, ચૂક અને ઉલ્લંઘનની ઘટનાઓમાં એમઆરએચએફએલ ધિરાણ પાછું ખેંચી લેવાનો અથવા જામીગીરી જપ્ત કરવાનો કે કાયદાકીય કાર્યવાહી તથા ચૂકવવાની બાકી રકમની વૂસલાત માટે તમામ આવશ્યક પ્રક્રિયા / પગલાં શરૂ કરવાનો અધિકાર ધરાવે છે.

**12. વાર્ષિક આઉટસ્ટેન્ડિંગ બેલેન્સનું સ્ટેટમેન્ટ કઈ તારીખના રોજ જારી કરવામાં આવશે?**

ગ્રાહક દ્વારા વિનંતી કરવા પર તેને ખાતાનું સ્ટેટમેન્ટ પૂરું પાડવામાં આવશે અને એસએમએસ મારફતે ગ્રાહકને ચૂકવવાની બાકી રકમની વિગત પૂરી પાડવામાં આવશે.

**13. ગ્રાહકસેવાઃ**

a. કાર્યાલયની મુલાકાતના કલાકોઃ સવારે 9.30થી સાંજે 5.30 સુધી

જાહેર રજાઓ, મહિનાના ત્રીજા શનિવાર અને રવિવારના રોજ બંધ.

b. ગ્રાહકસેવા માટે જે વ્યક્તિનો સંપર્ક કરવાનો છે તેની વિગતોઃ ટીમ લીડર અથવા ક્રેડિટ ઑફિસર

c. વિવિધ પ્રકારની સેવાઓ માટેની સમયમર્યાદાઃ

| સેવાનો પ્રકાર | સેવા પૂરી કરવામાં લાગતો સમય |
|---|---|
| લૉન ખાતાનું સ્ટેટમેન્ટ | અરજી કર્યાની તારીખથી 3 કાર્યદિવસ |
| લૉનની ઋણમુક્તિનું શિડ્યૂલ | અરજી કર્યાની તારીખથી 3 કાર્યદિવસ |
| આવકવેરાનું પ્રમાણપત્ર | અરજી કર્યાની તારીખથી 3 કાર્યદિવસ |
| સંપત્તિના ઓરિજિનલ દસ્તાવેજોની યાદી | અરજી કર્યાની અને જરૂરી ફીની ચૂકવણીની તારીખથી 15 કાર્યદિવસ |
| સંપત્તિના ઓરિજિનલ દસ્તાવેજોની નકલ | અરજી કર્યાની અને જરૂરી ફીની ચૂકવણીની તારીખથી 15 કાર્યદિવસ |
| લૉન વહેલી બંધ કરાવ્યાનું સ્ટેટમેન્ટ | અરજી કર્યાની અને જરૂરી ફીની ચૂકવણીની તારીખથી 3 કાર્યદિવસ |
| લૉન બંધ થયાં પછીનું એનઓસી | લોન ખાતાની સંપુર્ણ ચુકવણી/પતાવટ પછીના ૩૦ દિવસો |
| દસ્તાવેજો સોંપવા (ચૂકવણીની રકમ પ્રાપ્ત થયાં અને લૉન બંધ થઈ ગયાં પછી) | લોન ખાતાની સંપુર્ણ ચુકવણી/પતાવટ પછીના ૩૦ દિવસો |

## 14. ફરિયાદ નિવારણઃ

| | |
|---|---|
| જ્યાં ફરિયાદ દાખલ થઈ શકે તે સંપર્કની વિગતો. અમારી કસ્ટમર કેર ટીમ સાથે વાત કરો. | કોઈ પણ પ્રકારની ફરિયાદને ટોલ ફ્રી નંબર 1800 233 533 મારફતે કૉલ પર દાખલ કરી શકાય છે<br>(સોમવારથી શનિવાર - સવારે 9થી સાંજે 6 વાગ્યા સુધી)<br><br>તમારી નજીકમાં આવેલી એમઆરએચએફએલની શાખા ખાતે તમારી ફરિયાદ દાખલ કરાવો અને આગળ વધુ ફોલો-અપ માટે ફરિયાદનો ટિકિટ આઇડી માંગી લો. |
| તમને જો 20 દિવસમાં આપની ફરિયાદ અંગે કોઈ અપડેટ પ્રાપ્ત ન થાય અથવા આપ કોઇપણ સમયે અમારા દ્વારા પૂરાં પાડવામાં આવેલા નિરાકરણથી સંતુષ્ટ ન હો તો, અમારી કૉર્પોરેટ ઑફિસ ખાતે 'ફરિયાદ નિવારણ અધિકારી'નો સંપર્ક કરો. | ફરિયાદ નિવારણ અધિકારી<br>મહિન્દ્રા રુરલ હાઉસિંગ ફાઇનાન્સ લિ.<br>યુનિટ નં. 203, અમિતિ બિલ્ડિંગ, પિરામલ અગત્સ્ય કૉર્પોરેટ પાર્ક, ફાયર બ્રિગેડ સ્ટેશનની સામે, કામાની જંક્શન, એલ. બી. એસ. મેઇન રોડ, કુર્લા (પશ્ચિમ), મુંબઈ-400 070<br>ટેલિઃ (022) - 6292 9800<br>અમને ઈ-મેઇલ કરોઃ mrhflhocomplaint@mahindra.com |
| જો તમે અમારા દ્વારા પૂરાં પાડવામાં આવેલ નિરાકરણથી સંતુષ્ટ ન હો તો, આપની ફરિયાદની નિવારણ માટે આપ અહીં નીચે જણાવેલા સરનામે હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઝ, નેશનલ હાઉસિંગ બેંકનો સીધો સંપર્ક કરી શકો છો અથવા એનએચબીની વેબસાઇટનો ઉપયોગ કરી GRIDS મારફતે ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકો છો. | નેશનલ હાઉસિંગ બેંક,<br>ડિપાર્ટમેન્ટ ઑફ રેગ્યુલેશન એન્ડ સુપરવિઝન,<br>(ફરિયાદ નિવારણ વિભાગ),<br>ચોથો માળ, કૉર-5એ, ઇન્ડિયા હેબિટેટ સેન્ટર, લોધી રોડ, નવી દિલ્હી - 110 003.<br>વેબસાઇટઃ https://grids.nhbonline.org.in/<br>https://nhb.org.in |

**આથી અહીં એ બાબતે સંમત થવામાં આવે છે કે, લૉનના વિગતવાર નિયમો અને શરતો માટે અહીં જણાવેલા પક્ષકારો સહી કરવામાં આવેલા / જેની પર સહી થવાની છે, તેવા લૉન અને જામીનગીરીના અન્ય દસ્તાવેજોનો સંદર્ભ લેશે અને તેની પર આધાર રાખશે.**

ઋણકર્તા/ઓ દ્વારા અહીં ઉપર જણાવેલા નિયમો અને શરતોને વાંચી લેવામાં આવ્યાં છે અથવા તો કંપનીના શ્રી/શ્રીમતી/કુમારી

______________________________________________________ દ્વારા તેમને વાંચી સંભળાવવામાં આવ્યાં છે

તથા ઋણકર્તા/ઓ દ્વારા તેને સમજી લેવામાં આવ્યાં છે.

**ઋણકર્તા/ઓની સહી કે અંગૂઠાની છાપ** **ધીરધારની અધિકૃત વ્યક્તિની સહી**

નોંધઃ એમઆઇટીસીની ડુપ્લિકેટ નકલ ઋણકર્તા/ઓને સોંપવાની રહેશે.